ગાંધીનગર સમાચાર





## @ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ રૂદ્રપ્રસાદ ઓઝાના નિવાસસ્થાન ૧૮૦/૧ સે-૬-બી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોતના પાઠ જયેશભાઈ આચાર્યના નિવાસસ્થાન ૩૮૫/એ/૩, ચર્ચની સામે નવરાત્રિ ચોક, સે-૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● ગુડા દ્વારા રાયસણ તેમજ ચિલોડા વિસ્તારમાં તૈયાર કરાયેલા એલ.આઈ.જી. આવાસોનો પ્રથમ તબક્કામાં ૩૫૨ લાભાર્થીઓને કબજો ટાઉનહોલ ખાતે સોંપવામાં આવશે.

- નજાહખાનમ સૈયદ

# ગાંધીનગરની બીબીએ કૉલેજ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૮

તા. ૮ કડી સર્વ વિશ્વવિદ્યાલયા સંલગ્ન ગાંધીનગર સ્થિત બીબીએ કૉલેજ દ્વારા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. જેમાં બીબીએના દરેક સેમેસ્ટરના કુલ મળી ૬૮ વિદ્યાર્થીઓ શિક્ષક બન્યા હતા તેમજ ૨૮ વિદ્યાર્થીઓએ સપોર્ટિંગ સ્ટાફ જેવાકે ક્લાર્ક, સેવકભાઈ તેમજ ઍડમીન સ્ટાફ તરીકેની ભૂમિકા અદા કરી હતી.

આખા દિવસના શૌક્ષણિક કાર્યને અંતે ભાગ લિધેલા તમામ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધે તે હેતુથી પોતપોતાનો શિક્ષક તરીકેનો અનુભવ વ્યક્ત કરવાના કાર્યકંનુ આયોજન થયુ. જેમાં સેમે.૧ માંથી કેતનકુમાર, સેમે.૩ માંથી વિશ્વા રાવલ તેમજ સેમે.૫ માંથી ખંજન બ્રહ્મભટ્ટ ને બેસ્ટ ટીચર તરીકે બિરદાવવામાં આવ્યા. આખા દિવસના શૌક્ષણિક કાર્યના કાળજીપૂર્વક વહીવટ કરવા માટે સેમ.૫ નાં વિદ્યાર્થી સ્વામિ વિવેકાનન્દે આચાર્ય તરીકેની ભૂમિકા બજાવી હતી..

સ્વામિ વિવેકાનન્દે કે જેણે આચાર્ય તરીકેની ભૂમિકા બજાવી હતી તેમણે પોતાનો અનુભવ વ્યક્ત કરતા કહ્યુ હતુ કે, દરેક વ્યક્તિનાં ઘડતરમાં બે વ્યક્તિનો ખુબ મોટો ફાળો હોય છે, એક છે માતાપિતા અને બીજા ગુરૂ. માતાપિતા તેની ફરજ મુજબ આપણને ઉછેરે છે. આદર્શ શિક્ષક આપણને જીવનમાં આગળ વધવા માટેનું પ્રેરક બળ, દિશા અને પ્રોત્સાહન પુરૂં પાડે છે.

સેમે.૫ નાં વિદ્યાર્થી ખંજન બ્રહ્મભટ્ટ પોતાનો અનુભવ વ્યક્ત કરતા કહ્યુ હતુ કે વર્ગખંડમાં એક શિક્ષકની ભૂમિકા ખુબ જ મહત્વનું કાર્ય છે., કારણ કે તેની એકએક પળ વિદ્યાર્થીનાં જીવન સાથે જોડાયેલી હોય છે. દરેક વિદ્યાર્થીનું ભવિષ્ય શિક્ષકનાં હાથમાં રહેલું હોય છે .

સેમે.૩ નાં વિદ્યાર્થી વિશ્વા રાવલ પોતાનો અનુભવ વ્યક્ત કરતા કહ્યુ હતુ કે એક આદર્શ શિક્ષક વિદ્યાર્થીનાં ઉમદા જીવનનો પ્રણેતા બની શકે છે. તેનાં જીવનનું ધ્યેય અને તે ધ્યેય સુધી પહોચવાનો માર્ગ બની શકે છે. સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય છે. આજનો શિક્ષક બનેલો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ એક શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું એવું પાકુ ચણતર કરે છે કે ગમે એવો ઝંઝાવાત આવે તો પણ એ ડગે નહીં.

ડોક્ટર રમકાંત પ્રૂસ્ટી ના માર્ગદર્શન હેઠળ કાર્યકંનુ સુમેળ સંકલન અને વહીવટ માટે પ્રોફ. મેથ્યુ જોન અને પ્રોફ. શીતલ પટેલે ખુબજ જહેમત ઉઠાવી હતી તેમજ બીબીએ ના તમામ પ્રોફેસરોએ નિર્ણાયક તરીકેની સેવા આપી હતી.

## ગાંધીનગર રોજગાર વિનિમય કચેરીનું સ્થળાંતર સહયોગ સંકુલ ખાતે થશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગરપાલિકા સેવા સદન ખાતે કાર્યરત રોજગાર વિનિમય કચેરીનું સ્થળાંતર સહયોગ સંકુલ, સેકટર૧૧ ખાતે થનાર છે. કચેરીના સ્થળાંતરની કામગીરી તા ૮ થી ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન થશે. કોઈ પણ જાણકારી માહિતી માટે ઉપરોક્ત સમયગાળા દરમ્યાન પણ રૂબરૂ સંપર્ક કરી શકો છો.

## કલાગુર્જરી દ્વારા ગુજરાતી ગીત સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની કલા ગુર્જરી સંસ્થા દ્વારા તા.૧૧મી સપ્ટેમ્બર શુક્રવારે ટાઉનહોલ ખાતે ગુજરાતી ગીત સંગીતની યાદગાર સફરમાં 'મૌસમની મસ્તી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રાત્રે ૯.૩૧ કલાકે યોજાશે. જેમાં મૌસમ, મેળો અને તહેવારોના મીઠા મહાસાગરમાંથી ચુંટેલા મોતીનો ખજાનો જેવા ગીતો મુંબઈના સ્વરોદયાગૃપ દ્વારા પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમાં ઉદય મઝમુદાર, રેખા ત્રિવેદી અને તેમના સાથીઓ ગીતો પ્રસ્તુત કરશે. જયારે કાર્યક્રમનું રસદર્શન ડૉ. માર્ગી હાથી કરાવશે.

## સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા સ્વયં શિક્ષક દિન અને જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર, તા. ૮

સૅક્ટર-૧૬માં સ્થિત સિદ્ધાર્ધ લૉ કૉલેજ દ્વારા સ્વયં શિક્ષકદિન અને જન્માષ્ટમી પર્વની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

જન્માષ્ટમી નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા જ મટકી ફોડનો રોચક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વયં શિક્ષકદિનની ઉજવણીમાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો, જેમને અધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા પૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો.

# એમ. બી. પટેલ સ્કુલ વાવોલ ખાતે પર્સનાલીટી ડેવલોપમેન્ટ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૮

શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ ખાતે તાજેતરમાં લાયન્સ કલબ ગાંધીનગરના સૌજન્યથી પર્સનાલીટી ડેવલોપમેન્ટ સેમિનાર યોજાયો હતો. જેમાં ડો. જયંતિભાઈ પ્રજાપતિ (પ્રમુખ લાયન્સ કલબ), શ્રીમતી મમતાબેન રાવલ (ચેરમેન પર્સનાલીટી ડેવલોપમેન્ટ), નિમેષભાઈ રાવલ (ઉપપ્રમુખ લાયન્સ કલબ), શૈલેષભાઈ પટેલ (ટ્રેઝરર-લાયન્સ કલબ), ઉમંગભાઈ પંડયા (સચિવશ્રી લાયન્સ કલબ), લાયન્સ કલબના સભ્યશ્રીઓ તથા શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફ તેમજ મંત્રીશ્રી રઘુસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં મમતાબેન તથા તેમના પુત્ર મહર્ષિ રાવલે પર્સનાલીટીને ડેવલોપ કરવા અંગે ઉદાહરણો સહિત સુંદર માહિતી આપી હતી તથા બાળકોમાં સુટેવો, પ્રવૃત્તિમયતા, આનંદીપણું, વડીલોનું સન્માન, સુમેળ, સ્વાસ્થ્ય, કસરતની ટેવ જેવા સદગુણો વિકસાવવા પર ભાર મુકયો હતો. બાળકોના જ્ઞાનમાં વધારો કરવા પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રખાયો હતો. બાળકોને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષકશ્રી નિલેશભાઈ પટેલે કર્યું હતું. આભારવિધિ ખજાનચી શ્રી શૈલેષભાઈએ કરી હતી.




**સ્વચ્છ ગામ, સ્વર્ગનું ધામ** - વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ૨૦૧૯ની સાલ સુધીમાં ભારતને સંપૂર્ણ સ્વચ્છ રાષ્ટ્રનું સ્વપ્ન જોયું છે. આ સાથે તેમણે દેશવાસીઓને મહાત્મા ગાંધીની સુવર્ણ જન્મ જયંતિએ તેમના સ્વચ્છતાના આદર્શો ચરિતાર્થ કરતા સ્વચ્છ રાષ્ટ્રની ભેટ ધરવા આહવાન કર્યું છે. ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા જ્ઞાન સપ્તાહના પ્રારંભે જ 'સ્વચ્છ ગામ' માટે કમર કસવામાં આવી હતી અને સ્વચ્છતાના સંદેશા લખેલા બેનરો સાથે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીને સરપંચ સવાજી ઠાકોર તથા તલાટી-કમ-મંત્રી કાંતિભાઈએ ગામના ચોકમાં સ્વાગત કરી આવકાર આપ્યો હતો. **(તસવીર : નટુભાઈ પટેલ)**

## વાતવાતમાં

● સે-૮ ખાતેના ચર્ચમાં માતા મરિયમની જન્મતિથી ઉજવવામાં આવી હતી. આ નિમિત્તે ખાસ રેલી અને પાવન પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● સિવિલ હોસ્પિટલમાં હવે ચપ્પલ ચોર પેંધા પડયા છે. સોનોગ્રાફી સેન્ટર પાસેથી બે ત્રણ વ્યકિતના પગરખાં ચોરી થઈ જવાની બુમ ઉઠી હતી.

● સુરક્ષા માટે એસટી ડેપો પોલીસ ચોકી સ્થાપવાની વાત હતી એ તો રામ જાણે કયારે શકય બનશે પરંતુ કયારેક કયારેક પોલીસ હવાલદાર ડેપોમાં આંટા મારી જાય છે તેટલું સદનશીબ છે.

● સે-૧૧માં કોમર્શિયલ કોમ્પ્લેક્ષ હોવાથી વાહનોનો ખડકલો થવો તો સામાન્ય છે પરંતુ હવે તો રખડતી ગાયોનો ટ્રાફિક પણ અહીં સમસ્યારૂપ બનતો જાય છે.

- સમીર રામી
9924446645

## એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

એમ.બી. પટેલ કન્યા શાળા ખાતે તાજેતરમાં ગુરૂવારના રોજ શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણીનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રસંગની ઝાંખી કરાવતા પાત્રોથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. જેમાં નાગ દમનનો પ્રસંગ શિવાની પંડ્યા, ખુશી પ્રજાપતિ, વિશ્વ દવે દ્વારા સુંદર અભિનય સાથે રજૂ કરવામાં આવ્યો હતો. અને 'રાધા કૈસે ના જલે' નું ગીત નૃત્ય દ્વારા શિયા જોષી અને વિશ્વા દવે રજૂ કરાયો હતો. કાર્યક્રમના અંતે મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિયા જોષી, હાર્દિ રાવલ, મૈત્રી પટેલે કરી હતી. શાળાના આચાર્યા શ્રીમતી નીરૂબેન જે. પટેલ દ્વારા કાર્યક્રમમાં હાજર રહેનાર સૌ વિદ્યાર્થીની બહેનોને કૃષ્ણ જન્મોત્સવની શુભેચ્છા પાઠવી હતી.

# સેક્ટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ ખાતે ૧૭મો પાટોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૮





(તસવીર : દિપક જાની)

ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરે પાટોત્સવ નિમિત્તે લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરને ફૂલહાર રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનોએ યજ્ઞ દર્શનનો લાભ લીધો હતો.

શ્રાવણમાસ આવતાં જ ભોળાનાથની ભક્તિમાં નગરજનો તલ્લીન બની જાય છે. નગરના શિવાલયોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મહાદેવના મંદિરો શ્રાવણ માસમાં 'હર હર મહાદેવ'ના નારાથી ગુંજી ઉઠે છે. પવિત્ર માસમાં શિવની ભક્તિમાં ભક્તો ગળાડુબ બની જાય છે. શહેરના શિવાલયોમાં શ્રાવણ માસમાં વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવે છે. ત્યારે શહેરના સેક્ટર-૮ ખાતે આવેલ ત્ર્યંબકેશ્વર મંદિરે પણ ખાસ પૂજાનું આયજન કરવામાં આવે છે. ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરે છેલ્લા ૧૭ વર્ષથી શ્રાવણ માસના દર સોમવારે લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. જ્યારે શ્રાવણવદ અગીયારસને પાટોત્સવ નિમિત્તે પણ ખાસ વિશેષ સોડશોપચાર પૂજા સહિત લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલે નિઃશુલ્ક નાઈટ ફોટોગ્રાફી વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના ફોટોગ્રાફર અસોસિએશન દ્વારા તા.૧૦મી સપ્ટેમ્બરે રાત્રે ૭ થી ૯ વાગ્યા દરમિયાન વિના મૂલ્યે નાઈટ ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ ઘ-૪ સર્કલ નજીક બેંક ઓફ બરોડાની સામેના બગીચામાં યોજવામાં આવશે. વર્કશોપમાં ભાગ લેવા નગરના તમામ ફોટોગ્રાફર મિત્રોને જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે. વર્કશોપમાં સામેલ થનાર ફોટોગ્રાફરોએ તેમની કીટ ટ્રાઈપોડ પોતાની સાથે લઈ આવવાની રહેશે તેવું વર્કશોપના પ્રવકતા કૌશિકભાઈ ગજ્જર દ્વારા જણાવાયું છે. નગરના દરેક નાના મોટા ફોટોગ્રાફરોને વર્કશોપનો લાભ લેવા ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગરના પ્રમુખ પ્રવિણભાઈ ઠકકર દ્વારા અનુરોધ કરાયો છે.

# ટેલિફોન અને ઈન્ટરનેટના સુધારા અંગે વસાહત મંડળના સૂચનને આવકાર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ટેલિફોન ડીવીઝન દ્વારા યોજાયેલ ટેલિફોન અદાલતમાં ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા ઠોસ રજુઆતો કરવામાં આવેલ હતી. જેમાં ટેલિફોન, ઈન્ટરનેટ, મોબાઈલના પ્લાન ફેરવતી વખતે ગ્રાહકોને જાણ કરવા અંગેના સૂચન ગ્રાહ્ય રાખીને હવેથી ગ્રાહકોને જાણ કરવામાં આવશે. જે સુચન સ્વિકારેલ છે.

બી.એસ.એન.એલ.ના જનરલ મેનેજર અમદાવાદના શ્રી જી.કે. લોઢા, એરીયા મેનેજર શ્રી આશીષ ઠાકર, પી.આર.ઓ. તૃપ્તીબેન પરીખ, શ્રી ઓઝા, શ્રી જોહરી, શ્રી કિરીટ પ્રજાપતિ, જે.પી. ઘાટ, ચૌહાણ વગેરે હાજર રહીને તાંત્રિક, વહિવટ પ્રશ્નોનો રજુઆતો સાંભળેલ હતી.

બ્રોડબેન્ડ નેટવર્કની સ્પીડ અને તેમાં પડતા વિક્ષેપ દૂર કરવાની મહામંડળની રજુઆત તાત્કાલિક અને પ્રશ્ન નિવારણ કરવામાં આવશે. આ ઉપરાંત ડીપી બોક્ષના ઢાંકણા રીપેર કરી ક્ષતીઓ દૂર કરવા સ્થળ પર હૂકમો થયા હતા.

ગાંધીનગરનો સિંહ પ્રશ્નમાં મોબાઈલ ટાવરની વ્યવસ્થા કરવામાં તંત્ર સે. ૭, ૩ તથા કુડાસણમાં ટાવરો માટે જગા મેળવવામાં તંત્ર નિષ્ફળ રહ્યુ તેની પણ મહામંડળ દ્વારા રજુઆત કરી તાત્કાલિક વ્યવસ્થા ગોઠવવા સૂચવાયુ હતુ. પરંતુ સે.૨૯માં આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

નવા ગાંધીનગરમાં ટેલીફોન કનેકશનમાં ઓપ્ટીકલ ફાઈબર ટેલીફોન જોડાણમાં ઉપયોગમાં લેવામાં આવશે જેથી ભવિષ્યમાં કોઈ ફરિયાદ રહેશે નહિ. હાલમાં રાયસણ ગામ સુધી આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આગળના વિસ્તારનું કામ પ્રગતિમાં હોવાનું જણાવાયું છે.

ટેલિફોન ફરિયાદની નિકાલ અંગેની પ્રગતિ વિષે પણ જાણ કરવામાં આવશે. ટેલિફોનની યોજનાઓ ગ્રાહકોને જાણ કર્યા સિવાય લાગુ કરવામાં આવે છે. તે અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી મયુરભાઈ વ્યાસ, શ્રી બી. એ. શુકલા, શ્રી સુધીરભાઈ દેસાઈ, શ્રી કિશોર જીકાદરા ઉપસ્થિત રહી જરૂરી સુચનો કરેલ. તાર કચેરીમાં ફેક્ષ મશીન મુકવા અંગે ગ્રાહકોની જરૂરી સમસ્યા વગર નકારાત્મક અભિગમ અપનાવવાની રીતે સામે રોષ વ્યાપેલ હતો. ઘર વપરાશના ટેલિફોનની ફરિયાદ નિવારવામાં રજુઆત કરેલ હતી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચે સમગ્ર મીટીંગમાં ધારદાર રજૂઆતો કરેલ હતી.

## જામનગર ખાતે સિનિયર સેકન્ડરી રીક્રુટમેન્ટની ભરતી ૧૧મીએ યોજાશે

ગાંધીનગર, તા.૮

ભારતીય નૌસેના દ્વારા તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ આઈ.એન.એસ વાલસુરા, જામનગર ખાતે સીનિયર સેકન્ડરી રેક્રુટમેન્ટની ભરતી યોજાનાર છે. ઉમેદવારોની શૈક્ષણિક યોગ્યતા, ઉંમર, પસંદગી પ્રક્રિયાના તબક્કા વગેરેની માહિતી ભારતીય નૌસેનાની વેબસાઈટ www.nausena-bharti.nic.in પર ઉપલબ્ધ છે, ભરતી અંગેની કોઈ પણ મુશ્કેલી હોય તો ફોન નંબર ૦૧૧ ૨૩૭૯૩૦૬૭, વાલસુરા (જામનગર) ખાતેના ફોન નંબર ૦૨૮૮ ૩૯૮૭૩૫૪/૪૪૮ પર સંપર્ક કરી શકો છો.

રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના ફોન નંબર ૦૭૯૨૩૨ ૫૭૫૭૧ પર અથવા રૂબરૂ સંપર્ક કરવાથી ભરતીની તમામ માહિતી મળી શકશે, તેવું રોજગાર અધિકારી (વ્ય.મા) શ્રી એન. જી. કુબાજીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# નગરમાં નકામી વનસ્પતિનો ભારે ઉપદ્રવ

ગાંધીનગર, તા.૭

નગરમાં વરસેલા વરસાદ પછી ધરતીને મળેલા પાણીથી ઠેર ઠેર નકામી વનસ્પતિ ઉગી નીકળી હતી. આ વનસ્પતિનો સમયસર નિકાલ ન થતાં ફુલાફાલી છે અને રહીશો માટે અસહ્ય સમસ્યા બની ગઈ છે. વનસ્પતિના કારણે અવનવી જીવાતો ઉત્પન્ન થઈ છે જે રહીશોના ઘરોમાં ઘુસીને હેરાન પરેશાન કરી રહી છે. વધુમાં આ વનસ્પતિના ભારે ઘેરાવામાં ઝેરી જનાવરોનો આશરો બની રહેવાની શકયતાએ લોકોમાં ભય ફેલાયો છે. જેથી તંત્ર દ્વારા સમગ્ર નગરમાંથી આવી નકામી વનસ્પતિ દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ધરતી તૃપ્ત થાય તેટલા વરસેલા વરસાદે વૃક્ષો અને અનેક ફલછોડને નવજીવન બક્ષ્યું છે ત્યારે આ વરસાદી પાણીથી સમગ્ર નગરમાં ઠેર ઠેર નકામી વનસ્પતિ પણ ઉગી નીકળી છે. સેકટરોના આવન-જાવન માર્ગ, ફુટપાથની આજુબાજુ, ખુલ્લા મેદાનો તથા મુખ્યમાર્ગની આજુબાજુ સહિતનો સમગ્ર હિસ્સો આ નકામી વનસ્પતિથી ભરપુર બની ગયો છે. વધુમાં રહેણાંક વિસ્તારોમાં ઉભા થયેલા આ ઉપદ્રવથી રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. વનસ્પતિ થકી ઝીણી ઝીણી જીવાતોનું પ્રમાણ મોટા પાયે વધીને ઘરોમાં આક્રમણ કરી રહ્યું છે. જેમાં જમતા, સુતા કે બેસતા આ જીવાત હેરાન કરી રહી છે. વધુમાં આ વનસ્પતિ એટલી નકામી રીતે ઉગી નીકળી છે કે તેને રખડતાં ઢોર પણ ખાતા નથી. આથી હાલમાં બે ફુટ જેટલી ઉંચાઈ ધરાવતી આ વનસ્પતિએ નગરને બાનમાં લઈ લીધું છે.

સીનીયર સીટીઝન કે જે બાંકડે બેસી પોતાનો નિવૃત્તિ સમય વાતચીતોમાં પસાર કરી રહ્યા છે તે પણ હાલ આ વનસ્પતિમાંથી નીકળતી જીવાતના કારણે બાંકડે બેસી શકતા પણ નથી. તેમજ સવાર સાંજ ચાલવા નીકળતા લોકો પણ આ વનસ્પતિથી દુર રહેવાનો પ્રયત્ન કરી રહ્યા છે. વધુમાં આ વનસ્પતિના ભારે જથ્થામાં ઝેરી સાપ તથા અન્ય ઝેરી જનાવરો સંતાઈ રહેલા હોવાનો ડર રહીશોને સતાવી રહ્યો છે. આમ બિન જરૂરી ફુલી ફાલેલી આ વનસ્પતિ રહીશો માટે આપદા બની છે ત્યારે તંત્ર દ્વારા સત્વરે તેનો નિકાલ કરાય તેવી માંગ રહીશોએ કરી છે.



**વનસ્પતિના કારણે ઉત્પન્ન થતી જીવાતથી રહીશો હેરાન પરેશાન, ઝેરી જનાવરનો પણ ભય**



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## સેકટર-૧૭માં નવરાત્રિ પર્વ ધામધુમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૮

સેકટર-૧૭માં નવરાત્રિ મોટા પાયે ધામધુમથી ઉજવવાનું નક્કી કરેલ છે. નવરાત્રિ મહોત્સવ સમિતિની મીટીંગમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે શ્રી રજુજુ બી. ગોલ, ઉપપ્રમુખ સમીરભાઈ પંડિત (તેજ ઓપ્ટીકલ્સ) કનુભાઈ એસ. રાવલ, ભરતભાઈ ગોસ્વામી, રમેશભાઈ પરમાર, દિપકભાઈ પરમાર, શ્રી યુવરાજસિંહ બી. ઉદાવત, મંત્રી તરીકે શ્રી રમેશભાઈ વાળંદ, મહામંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કે. તિવારી, ખજાનચી શ્રી જીગરભાઈ ત્રિવેદી, સહમંત્રી શ્રી પ્રદિપભાઈ જે. પટેલ, સલાહકાર સમિતિમાં ડૉ. ઠેકડી, શ્રી મુકુંદભાઈ સુખડીયા, પોખરાજભાઈ મિસ્ત્રી, રાજુભાઈ વાસણવાળા, પ્રફુલ્લભાઈ શર્મા, શાંતિલાલ દેસાઈ, શ્રી રતિલાલ શાહની નિમણુંક કરવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. રણછોડજી ચકુજી ઠાકોર (ઉ.વ.૭૦)
- સ્વ. શ્રીચંદ ઉત્તમચંદ રામગાની (ઉ.વ.૮૦)